સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ, બાળકો, વૃધ્ધો,ભિક્ષુકો,અનાથો માટે કાર્ય કરતી સરકારી અને સ્વૈચ્છિક કુલ–૧૬૨ સંસ્થાઓના પાર્ટ ટાઈમ વિઝીટીગ મેડીકલ ઓફિસરના માસિક માનદ વેતન રૂા.૧૫૦૦/– થી વધારી રૂા.૨૫૦૦/– કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ–મકમ/૧૦૨૦૧૬/૭૧૦૧૨૮/છ**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ– ૭/૪/૨૦૧૭**

**વંચાણે લીધા :–**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૨/૦૫/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ–મકમ/ ૧૦૨૦૧૫/૧૯૬૯૨૩/છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ,ગાંધીનગરના તાઃ– ૨૦/૦૩/૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ– સસુખા/યજન/૨૦૧૬–૧૭/૬૩

**પ્રસ્તાવના :–**

સમાજ સુરક્ષા ખાતા હસ્તકના બાળ કલ્યાણ ક્ષેત્રના ચિલ્ડ્રન હોમ તથા ભિક્ષુક ધારા અન્વયે રચાયેલ ભિક્ષુક ગૃહોમાં પાર્ટ ટાઈમ વી.એમ.ઓ. નું માનદવેતન વંચાણે લીધેલા ક્રમાંકઃ– (૧) ના વિભાગના તા.૦૨/૦૫/૨૦૧૫ના ઠરાવથી રૂા.૧,૫૦૦/– કરવામાં આવેલ છે.

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ, બાળકો, વૃધ્ધો, ભિક્ષુક, અનાથો માટે કાર્ય કરતી સરકારી અને સ્વૈચ્છિક કુલ–૧૬૨ સંસ્થાઓ હાલમાં કાર્યરત છે. આ સંસ્થાઓમાં અંતેવાસીઓ પ્રવેશ પામે ત્યારે તરત જ તેઓની તબીબી તપાસ કરાવવાની જોગવાઈ છે. તદઉપરાંત અઠવાડીયામાં ત્રણ વખત અને આકસ્મિક સંજોગોમાં સંસ્થાને જરૂર પડે ત્યારે સંસ્થાની મુલાકાત લઈ અંતેવાસીઓની શારીરિક તપાસ કરી પ્રાથમિક સારવાર,દવાઓ આપવાની કામગીરી કરે છે. આ માટે કાયદા હેઠળ આ સંસ્થાઓમાં રૂા.૫૦૦/– થી રૂા. ૧,૫૦૦/– નું માનદ વેતન આપવામાં આવે છે. આટલા ઓછા માનદ વેતનમાં લાયકાત ધરાવતા ડૉક્ટર મળવા મુશ્કેલ છે. આથી તેઓના માનદ વેતનમાં વધારો કરવો જરૂરી છે.

હાલની મોંઘવારી અને ઓછા માનદ વેતનની વિગતો ધ્યાને લેતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ– (૨) પરના તા.૨૦/૦૩/૨૦૧૭ના પત્રથી સમાજ સુરક્ષા ખાતા હસ્તકના બાળ કલ્યાણ,બાળકો,વૃધ્ધો,ભિક્ષુકો,અનાથો માટે કાર્ય કરતી આ સરકારી અને સ્વૈચ્છિક કુલ–૧૬૨ સંસ્થાઓના વીઝીટીગ મેડીકલ ઓફિસરના માનદવેતન રૂા.૧,૫૦૦/– થી વધારી રૂા.૨,૫૦૦/– કરવા અંગેની કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણ, બાળકો, વૃધ્ધો, ભિક્ષુકો, અનાથો માટે કાર્ય કરતી સરકારી તેમજ સ્વૈચ્છિક કુલ-૧૬૨ સંસ્થાઓના પાર્ટ ટાઈમ વીઝીટીગ મેડિકલ ઓફિસરોનું માનદ વેતન રૂા.૧,૫૦૦/- થી વધારી રૂા.૨,૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) કરવા અંગેની દરખાસ્ત માં.નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ રૂા.૧૦.૪૪ લાખ, માં. નં. ૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૨૦૦-૦૧ બજેટ હેડ હેઠળ રૂા.૬/- લાખ તથા માં.નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૮૦૦-૦૧ બજેટ હેડ હેઠળ રૂા.૭.૬૮ લાખ મળી થયેલ કુલ જોગવાઈ રૂા.૨૪.૧૨ લાખ ( અંકે રૂપિયા ચોવીસ લાખ બાર હજાર પુરા) ને નીચેની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ.૨૦૧૭-૧૮ ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખતો લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરોએ કરવાનો રહેશે.

બજેટ હેડ

માંગણી નં. ૯૨ (પ્લાન)

મુખ્ય સદર - ૨૨૩૫ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ

પેટા મુખ્ય સદર - ૦૨ - સમાજ કલ્યાણ

ગૌણ સદર - ૨૦૦ - વૃધ્ધોનું કલ્યાણ

પેટા સદર-૦૧- SCW - ૧૧ વિકલાંગો માટેની કલ્યાણ યોજના (પ્લાન)

**<u>બજેટ હેડ</u>**

માંગણી નં. ૯૨ (પ્લાન)

મુખ્ય સદર – ૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ

પેટા મુખ્ય સદર – ૦૨ – સમાજ કલ્યાણ

ગૌણ સદર – ૧૦૧ – વિકલાંગોનું કલ્યાણ

પેટા સદર–૦૧– SCW – ૦૫ વિકલાંગો માટેની કલ્યાણ યોજના (પ્લાન)

**<u>બજેટ હેડ</u>**

માંગણી નં. ૯૨ (પ્લાન)

મુખ્ય સદર – ૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ

પેટા મુખ્ય સદર – ૦૨ – સમાજ કલ્યાણ

ગૌણ સદર – ૮૦૦ – ભિક્ષુકો, કેદીઓ અને નિરાધારનું કલ્યાણ

પેટા સદર–૦૧– SCW –૨૩ વિકલાંગો માટેની કલ્યાણ યોજના (પ્લાન)

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૦/૦૩/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(એમ.બી.ચૌહાણ)**
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી (સા.ન્યા) અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિત વિભાગ સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬, ર્ડા જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોકનં.૧૬, ર્ડા જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ,( મારફતે :– નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું , બ્લોકનં.૧૬, ર્ડા જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર)

(૭) એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ

(૮) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( મારફતે :- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોકનં.૧૬, ડૉ જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય,ગાંધીનગર)

(૯) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૦) નાણા સલાહકારશ્રી (સા.ન્યા અને અ.વિભાગ), બ્લોકનં.૧૪,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સેકશન અધિકારીશ્રી, બજેટ-શાખા/ છ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા,સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઈટમાં છ-શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૩) છ૧- શાખાની ફાઈલ નં. અપગ/૧૦૨૦૧૩/૭૪૩૮૦૨/નબા-૫/છ૧ માં રેકર્ડ સારુ.

(૧૪) સિલેક્ટ ફાઈલ.